જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૮૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૭૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને જડપી રૂપિયા ૨૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૮૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદ : સમાચાર યાદી નં.૧૨૮૯/૧૬

**ઓઢવ** : પ્રકાશભાઇ નાનજીભાઇ ગોહિલ (રહે.સુમીનપાર્ક, મહાદેવનગર વસ્ત્રાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૭/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી બ્રીજ પાસે, સોહમ કોમ્પલેક્ષમાં આવેલ રાજ ગેસ્ટહાઉસની સીડીમાં પોતાના ભાઇ હિતેષભાઇ (ઉ.વ.૩૯) (રહે. પંચદેવ મંદિર પાસે, અમૃત ડેરીની પાછળ, કાચા પતરાના મકાનમાં, અર્બુદાનગર) ને આરોપી પરવેઝ ઉર્ફે ટકલો અને તેના ત્રણ મળતીયા માણસોએ ભેગામળી “ઇધર ખરાબ ધંધા કરવાતા હૈ, તો મેરે કો પૈસા દેના પડેગા” તેમ કહેતા હિતેષે પૈસા આપવાની ના પાડતા, ત્રણ સાગરીતોએ હિતેષને પકડી રાખી, પરવેઝે તેની પાસેની છરી કાઢી, હિતેષને જમણા પડખાનાં ભાગે એક જીવલેણ ઘા મારતાં, ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં, સારવાર દરમ્યાન હિતેષભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૧૨૯૦/૧૬

**ચાંદખેડા : દેવેન્દ્રભાઇ પરમાભાઇ નાઇ** (રહે.લેઉવા પટેલ ભાગ, રાવળવાસની બાજુમાં, ચાંદખેડા) એ તા.૧૪/૭/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૭/૧૬ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર મનસિપ (ઉ.વ.૧૪) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મેઘાણીનગર : રીતાબહેન તુલસીરામ રાઠોડ (ઉ.વ.૧૬)** (રહે,ચૌહાણની ચાલી, પરીહારનગર ગલી નં.૩, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) ને તા.૧૦/૭/૧૬ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી પીન્ટુ ઉર્ફે અનિલ રામેશ્વર રાઠોડ લલચાવી ફોસલાવી ઘર નજીકથી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રીતાબહેનનાં પિતા તુલસીરામ રાઠોડે તા.૧૪/૭/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૯૧/૧૬</u>**

**વાડજ : બાબુભાઈ કાનજીભાઇ પટેલ** (રહે.યુગાન્ડા સોસાયટી મેમનગર) એ તા.૧૪/૭/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર/૨૦૧૦ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન ઇન્કમટેક્ષ આશ્રમરોડ ઉપર આવેલ કાલુપુર કોમર્શીયલ કો.ઓ.બેંક ખાતે આરોપી (૧)ભગવતીપ્રસાદ ઓધવજી જોષી (રહે.વીમાનગર, કો.ઓ.હા.સો.લી. શીવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) તથા બીજા ત્રણ વ્યક્તિઓએ ભેગામળી બાબુભાઇ પટેલને વિશ્વાસમાં લઇ તેમનાં ટ્રસ્ટની કુલ રૂપિયા ૧,૪૦,૦૦,૦૦૦/- ની એફ.ડી. સામે આરોપીઓએ કુલ રૂપિયા ૧,૨૬,૦૦,૦૦૦/- નું ધિરાણ મેળવી, વ્યાજ સહિત કુલ રૂપિયા ૧,૭૦,૦૦,૦૦૦/- બેંકમાં પરત નહીં ચુકવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.શાહ ચલાવે છે.

**નવરંગપુરા : સંદિપભાઈ મહેન્દ્રભાઇ બૈડ** (રહે.બાર્સેલોના, એ વિંગ, રાહેજા એક્ઝોટીક મડઆઇલેન્ડ, મુંબઇ) એ તા.૧૪/૭/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૧૦ થી માહે એપ્રીલ/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્પેસ હાઉસ, જી ફોર એસ કંપનીમાંથી આરોપી કલ્પેશભાઇ ચતુરલાલ ઠક્કર (રહે.દેવમ એપાર્ટમેન્ટ, મોટેરા સ્ટેડીયમ રોડ, સાબરમતી) એ કંપનીમાં જમા કરાવવાનાં થતાં કંપનીનાં કુલ નાણા ૩,૩૦,૦૦૦/- કંપનીમાં જમા નહીં કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૯૨/૧૬</u>**

**ગોમતીપુર** : શબનમબાનુ વા/ઓ એહમદરજા અંસારી (ઉ.વ.૨૫)(રહે, હાજી ગફારની ચાલી, ગોમતીપુર) તા.૯/૭/૧૬ ના કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘેર ગેસ ઉપર જમવાનું ગરમ કરતાં હતા દરમ્યાન ગેસની પાઇપ લીકેજ થતાં, એકદમ ભડકો થતાં પહેરેલ કપડાને જાર લાગતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, તેમને સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૭/૧૬ ના કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એચ” ડીવીઝન નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૨૯૩/૧૬</u>

**સાબરમતી** : ગાયત્રીબહેન જયેશભાઇ ગોર (ઉ.વ.૪૭) (રહે.ધર્મનગર વિભાગ-૨, સાબરમતી) એ કોઇ કારણસર તા.૧૩/૭/૧૬ રાતનાં ૧૧/૩૦ થી તા.૧૪/૭/૧૬ કલાક ૦૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાનાં હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ માનસિંહ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટ** : **કલ્પેશભાઇ બાબુભાઇ પંચાલ** (ઉ.વ.૩૨) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, ફિઝીકલ ગ્રાઉન્ડની સામે, ખોખરા) એ અગમ્ય કારણોસર તા.૧૪/૭/૧૬ બપોરનાં ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે ઘાટ નંબર ૪ નજીક નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હર્ષદભાઇ માવજીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)